6 વિચરતી અને વિમુક્ત જાતિઓ

T1M3R9

ભારત વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે. રાષ્ટ્રની ભૌગોલિક વિવિધતા જોતાં સમગ્ર રાષ્ટ્રને એક સૂત્રે સાંકળવાનું ભગીરથ કાર્ય અનેક રીતે થયું છે. આપણાથી ભિન્ન ભાષા કે રહેણીકરણી ધરાવનાર પ્રત્યે પણ પોતાપણાની ભાવનાથી સંકળાઈ રહ્યા છીએ. આમ વિવિધ સંસ્કૃતિઓને સાંકળતી વિચરતી અને વિમુક્ત જાતિઓ અંગે આપણે અભ્યાસ કરીએ.

વિચરતી અને વિમુક્ત જાતિઓ વ્યવસાય તેમજ વિવિધ હેતુઓના કારણે એક સ્થળેથી બીજા સ્થળે સતત ભ્રમણ કરતી રહેતી હતી. ઈ.સ. 1857 ના સ્વાતંત્ર્યસંગ્રામમાં આ જાતિઓની ભૂમિકા જોતાં તત્કાલીન અંગ્રેજ સરકારે આ જાતિઓને અન્ય સમુદાયથી અલગ કરવા ઈ.સ. 1871 માં 'ક્રિમિનલ ટ્રાઇબ્ઝ ઍક્ટ -1871' અંતર્ગત કેટલીક જાતિઓને ખોટો આરોપ મૂકી ગુનેગાર સમુદાય તરીકે ઘોષિત કરી. આ અપપ્રચારનો ભાંડો ફૂટવામાં ઘણો સમય લાગ્યો.

ભારત સરકારે સ્વતંત્રતા બાદ ઈ.સ. 1952 માં આ કાળા કાયદામાંથી આ જાતિઓને મુક્ત કરતાં તેઓ 'વિમુક્ત જાતિઓ' તરીકે સન્માનભર્યું સ્થાન પામી.

આટલું જાણો

ગુજરાત રાજ્યમાં વર્ષ 2020 સુધીમાં પ્રસિદ્ધ થયેલ યાદી મુજબ વિચરતી જાતિઓમાં 28 જાતિઓ અને વિમુક્ત જાતિઓમાં 12 જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિચરતી અને વિમુક્ત જાતિઓ : લાક્ષણિકતાઓ અને જીવનશૈલી

કેટલીક જાતિઓ જીવનનિર્વાહ માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ સતત ફરતી રહેતી હતી, જેને આપણે વિચરતી કે વિમુક્ત જાતિ તરીકે ઓળખીએ છીએ. લગભગ સમગ્ર ભારતમાં વિખરાયેલી આ જાતિઓ નાના-મોટા વ્યવસાયો કરીને જીવનગુજારો કરતી હતી. તેમનું જીવન મોટે ભાગે વન્ય-સંસાધન અને પશુપાલન આધારિત હતું. વિચરતી અને વિમુક્ત જાતિના લોકો પોતાનાં પશુઓ સાથે દૂર-દૂર સુધી ફરતા રહેતા. તેઓ સ્થાયી ખેડૂતો પાસેથી અનાજ, કપડાં, વાસણ અને અન્ય વસ્તુઓ માટે ઊન, ઘી વગેરે વસ્તુઓનો વિનિમય પણ કરતા હતા. કેટલીક વિચરતી જાતિઓ જાનવરો પર સામાન લાદી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ વસ્તુઓનું ખરીદ-વેચાણ કરતી હતી.

કેટલીક વિચરતી વિમુક્ત જાતિઓ ઘેટાં-બકરાં, ઘોડા, ગાય, ભેંસ, ગધેડાં, ઊંટ, પાડા, બળદ વગેરેના વેપાર સાથે પણ સંકળાયેલી હતી. વિવિધ જાતિના નાના-મોટા ફેરિયાઓ એક ગામથી બીજે ગામ જઈને જાતે બનાવેલાં દોરડાં, ઘાસની ચટાઈ અને મોટા થેલા વેચતા. કેટલીક વિચરતી વિમુક્ત જાતિઓમાં કાંગસિયા, મોડવાનોનો સમાવેશ થતો હતો, જે બંગડી અને સૌંદર્ય-પ્રસાધનોના વેપાર સાથે જોડાયેલા હતા.

આ જાતિઓની એક વિશિષ્ટ ઓળખ એ રહેતી હતી કે, તેઓની ભાષા અને સામાજિક બાબતો તેમજ રહેણીકરણી પણ સમાન રહેતી હતી. સ્થાયી સમાજ-વ્યવસ્થાના અભાવે અન્ય સમાજો કરતાં ભિન્ન કક્ષાનું જીવન જીવતા હતા. સાન્સી, કંજર વગેરે જેવી જાતિઓ તેમજ વણજારા, કર્કમૂંડી, હરણશિકારી જેવા સમૂહોને વિચરતી અને વિમુક્ત જાતિઓમાં મૂકી તેમના વિકાસ માટે સરકારે ખાસ પગલાં ભર્યાં છે. તેમના વિકાસ માટે અને તેમની સંસ્કૃતિની જાળવણી માટે સરકારે તેમના પર ખાસ અભ્યાસ કરાવી ઈ.સ. 2008 માં એક વિસ્તૃત અહેવાલ(રિપોર્ટ) તૈયાર કરાવ્યો છે. તેમને બંધારણીય રીતે વિચરતી અને વિમુક્ત જાતિઓનો દરજ્જો આપી માનવ અધિકાર આપવાનો પ્રયત્ન કર્યો છે.

ભારતની વિચરતી જાતિઓમાં અઘોરી, બહુરૂપી, વણજારા, બરંડા, ભામટા, ભોવી, ચિતોડિયા, હેલવા, ઈરાની, જાતિગર, કોટવાળિયા, બૈરાગી, પારધી, તલવાર, કામતી વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં વિચરતી જાતિઓમાં બજાણિયા, ગારુડી, વાંસફોડા, ભવૈયા, રાવળ, કાંગસિયા, સલાટ વગેરે


જેવી જાતિઓનો સમાવેશ થાય છે, તો વિમુક્ત જાતિઓમાં છારા, ડફેર, મિયાણા, વાઘેર, દેવીપૂજક, સંધિ વગેરેનો સમાવેશ થાય છે. આ બધી જાતિઓને ભારત સરકારે અતિ પછાત અને વધુ પછાત જાતિઓમાં મૂકી તેમના વિકાસ માટે વિશિષ્ટ યોજનાઓ બનાવી છે. આ યોજનાઓમાં આ સમૂહો સતત સ્થળાંતરિત રહેતા હોવાથી તેમને સ્થાયી કરવા માટેની બાબતોનો સમાવેશ કરેલો છે. તેમનાં બાળકો માટે ખાસ આશ્રમશાળાઓ અને છાત્રાલયોની સ્થાપના કરવામાં આવી છે.

કેટલીક વિચરતી અને વિમુક્ત જાતિઓની જીવનશૈલીને આપણે ભારત અને ગુજરાતના સંદર્ભમાં જાણવાનો પ્રયત્ન કરીશું.

(1) દેવીપૂજક: ગુજરાતમાં વિમુક્ત જાતિઓ પૈકી દેવીપૂજક જાતિ રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં જોવા મળે છે. શાકભાજીનાં ઉત્પાદન અને વેપાર ઉપરાંત કેટલાક પરંપરાગત વ્યવસાયોમાં આ લોકો સંકળાયેલા જોવા મળે છે. આ સમાજમાં શિક્ષણનું નીચું પ્રમાણ, જાગૃતિનો અભાવ હોવાથી અંધશ્રદ્ધા અને કેટલીક કુપ્રથાઓ આજે પણ ક્યાંક-ક્યાંક જોવા મળે છે. પરિણામે સમાજમાં ગરીબી જોવા મળે છે.

આ સમાજમાં સામાજિક વિખવાદો કે કૌટુંબિક સમસ્યાઓમાં જ્ઞાતિપંચ લવાદની પ્રભાવી ભૂમિકા ભજવે છે. તેના દ્વારા સમસ્યાઓનું નિવારણ કરાતું હોવાથી અદાલતોમાં તેમના આંતરિક પ્રશ્નો ઓછા જોવા મળે છે. હાલમાં આ સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધવાને કારણે તેમના સામાજિક અને આર્થિક પાસામાં સુધારાત્મક પરિવર્તન જોવા મળે છે.

(2) વણજારા : વણજાર સાથે સંકળાયેલા લોકો એટલે વણજારા. વિચરતી વિમુક્ત જાતિઓમાં વણજારા સૌથી અગત્યના હતા. પ્રાચીન કાળથી ભારતીય સમાજ વ્યવસ્થાનું એક-જાણીતું નામ છે. મોટે ભાગે વણજારાઓ વેપારી પોઠોને લાવવા-લઈ જવાનું કાર્ય કરતા. તેમની પોઠોનો સમૂહ 'વણજાર' (ટાંડું) કહેવાતો. અલાઉદીન ખિલજી દિલ્લીનાં બજારો સુધી અનાજ અને ચીજવસ્તુઓ લાવવા-લઈ જવા માટે તેમનો ઉપયોગ કરતો. બાદશાહ જહાંગીરે પણ વણજારા દ્વારા બળદો પર અનાજ લાદીને શહેરોમાં વેચવાના તેમના કાર્યનો ઉલ્લેખ કર્યો છે. ખાસ બાબત તો એ છે કે, યુદ્ધ દરમિયાન વણજારાઓ બળદોની પોઠ દ્વારા મુઘલસેના માટે અનાજ અને ચીજવસ્તુઓ લાવતા હતા. એક રીતે જોઈએ તો વણજારા ભારત અને વિશ્વ વચ્ચેની કડી હતા. મધ્ય એશિયાથી અનેક ચીજવસ્તુઓ તેમના દ્વારા ભારતમાં આવતી અને ભારતથી બહાર જતી.



વણજાર

તેઓ ભારત, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધી જોવા મળે છે. અંગ્રેજોના શાસન પછી આ સમાજ વેરવિખેર થયો. ગરીબ વણજારા બંગડી, કાંગસીના વેપારી થયા તો કેટલાક મજૂર થયા, કેટલાક માટીકામ સાથે પણ સંકળાયા. જોકે સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણ અને અન્ય યોજનાકીય લાભો લઈ તેઓ વિકસિત થયા છે.

અન્ય વિચરતી અને વિમુક્ત જાતિઓ

(3) નટ : આપણે ઘણી વાર બજારમાં રસ્તા પર દોરડાં પર કરતબ કરતા નટ કે બજાણિયાને જોઈએ છીએ. તેઓ જુદાં-જુદાં કરતબ કરી પેટિયું રળતા હોય છે. જોકે અંગકરતબની ઘણી બધી કલાઓ તેઓ જાણતા હોય છે. જાદુ કરવા, દોરડા પર ચાલવું, લાકડી પર ચાલવું જેવાં કરતબોથી તેઓ લોકોનું મનોરંજન કરતા હોય છે. પરંતુ અશિક્ષિત અને ગરીબ હોવાથી સમાજના મૂળ પ્રવાહથી તેઓ દૂર રહેતા હોય છે. સતત સ્થળાંતરિત થવું તે પણ તેમના વિકાસમાં બાધક રહ્યું છે. હવે તો તેમનો આ પરંપરાગત વ્યવસાય પણ બંધ થયો છે અને દેશના મુખ્ય પ્રવાહમાં તેમના ભળવાનો પ્રારંભ થયો છે.

(4) કાંગસિયા અને અન્ય: વિચરતી અને વિમુક્ત જાતિઓમાં કાંગસિયા, વેડવા, મદારી, ડફેર વગેરેનો સમાવેશ થાય છે. કાંગસિયા મોટે ભાગે કાંસકી અને સૌંદર્ય-પ્રસાધનો વેચવાનું કાર્ય કરતા હોય છે. તેઓ પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતરિત થતા રહેવાને કારણે અને તેમના પરંપરાગત વ્યવસાય બંધ થવાને કારણે અવિકસિત પરિસ્થિતિમાં જીવે છે. આ બધી જાતિઓની જીવનશૈલી મોટે ભાગે કબીલાપ્રથા(પરિવાર અથવા કુટુંબ) પ્રકારની જોવા મળે છે. તેઓ દૂર-દૂરના વિસ્તારમાં રહેતા હોવા છતાં તેમની ભાષા અને જીવનશૈલી સમાન જોવા મળે છે. તેમનો ખોરાક અને પહેરવેશ પણ લગભગ સમાન હોય છે.

આટલું જાણો

કેટલીક વિચરતી તેમજ વિમુક્ત જાતિઓ નિયમિત સ્થળાંતરિત થતી હોવા છતાં તેમના આંતરિક સંબંધો ટકી રહ્યા હતા. વર્ષમાં કોઈ નિયમિત દિવસે આ જાતિના લોકો નક્કી કરેલા સ્થળે ભેગા થતા. આ દરમિયાન જ તેમના વિવાહ જેવા સંબંધો નક્કી થતા તેમજ વર્ષ દરમિયાન કોઈના મૃત્યુ જેવી બાબતોની જાણકારી પણ મળી રહેતી. આ વ્યવસ્થા ખરેખર અદ્‌ભુત હતી.

બદલાતા સમય સાથે પરિવર્તન

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ આવી જાતિઓના ઉત્કર્ષ માટે કેટલીક તો વિશિષ્ટ યોજનાઓ દ્વારા તેમને સામાન્ય પ્રવાહમાં ભેળવવાનો પ્રયત્ન કર્યો છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, મકાન વગેરેની સવલતો પૂરી પાડી તેમને રોજગારી મળે તેવું વાતાવરણ ઊભું કર્યું છે. વાદી, બજાણિયા, મદારીને હવે આપણે રસ્તા ઉપર કરતબ કરતાં જોતાં નથી. એક સમયે મનોરંજનના આ મુખ્ય પ્રવાહમાં રહેનારા આ લોકો કાળની થપાટને કારણે પોતાની ઓળખ ગુમાવી બેઠા હતા. સરકારે વિજ્ઞાન અને ટેક્નોલૉજી સાથે તેમને સાંકળીને તેમનો યથોચિત વિકાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ હજી પણ શિક્ષણ અને જાગૃતિના અભાવે વિચરતી અને વિમુક્ત જાતિઓમાં ગરીબી અને બેરોજગારી જોવા મળે છે. એ સૂચવે છે કે એમનાં ઉત્થાન માટે વિશેષ પ્રયત્નોની જરૂર છે.

કલ્પના કરો

દર ત્રણ મહિને રહેઠાણ બદલતી વિચરતી જાતિ/સમુદાયના તમે સભ્ય છો. આની તમારા જીવન પર શી અસર થશે ?

સ્વાધ્યાય

K1B8P6

1. યોગ્ય જોડકાં જોડો :

અ	બ
(1) કાંગસિયા	(A) ભવૈયા, ગારુડી, વાંસફોડા
(2) વિચરતી જાતિઓ	(B) જ્ઞાતિપંચ લવાદની પ્રભાવી ભૂમિકા
(3) વણજારા	(C) મિયાણા, વાઘેર, ડફેર
(4) દેવીપૂજક	(D) અનાજ અને ચીજવસ્તુઓની હેરફેર
(5) વિમુક્ત જાતિઓ	(E) વિચરતી અને વિમુક્ત જાતિઓ પર ખાસ અહેવાલ
	(F) સૌંદર્ય-પ્રસાધનોનું વેચાણ

2. ખાલી જગ્યા પૂરો :

(1) એક સ્થાનથી બીજા સ્થાને સતત ફરતી રહેતી જાતિઓને ..... કહેવામાં આવતી.

(2) વિચરતી અને વિમુક્ત જાતિનાં બાળકોના અભ્યાસ માટે .....અને ..... ની સ્થાપના કરવામાં આવી છે.

(3) પોઠનો સમૂહ ..... તરીકે ઓળખાતો.

3. વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો :

(1) વિચરતી જાતિના લોકો માટે સરકારે ગૃહધિરાણ યોજનાઓ જાહેર કરી છે.

(2) ગુજરાતમાં નટ, બજાણિયા, કાંગસિયા જેવી વિચરતી વિમુક્ત જાતિઓ વસે છે.

(3) નટ બજાણિયા નેસમાં રહે છે.

(4) શાહજહાંએ તેનાં લખાણોમાં વણજારાઓના કાર્યનો ઉલ્લેખ કર્યો છે.

4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) વિચરતી જાતિના પશુપાલકો અને સ્થાયી ખેડૂતો વચ્ચે કયા પ્રકારનો વિનિમય થતો હતો ? શા માટે ?

(2) સરકાર દ્વારા વિચરતી વિમુક્ત જાતિઓના વિકાસ અને ઉત્થાન માટે કરેલા પ્રયત્નો જણાવો.

(3) નટ લોકો દ્વારા કયાં-કયાં કરતબો કરી લોકોનું મનોરંજન કરવામાં આવે છે ?

(4) વણજારા અર્થતંત્ર માટે કેવી રીતે મહત્ત્વપૂર્ણ હતા ?